# મંદીમાં ભરખાય છે યુવાઓની નોકરી

## અનેક દિગ્ગજ કંપનીઓમાં ‘કોસ્ટ કટિંગ’ના નામે છટણીનો દોર : ૨૦૧૪ સુધી ભારતમાં પાંચ લાખ જણ નોકરી ગુમાવે તેવી ભીતિ




૨૦૦૮માં જ્યારે આર્થિક મંદીએ વિશ્વને ભરડામાં લીધું અને જગતજમાદાર જેવું અમેરિકાય હચમચી ઊઠ્યું ત્યારે ભારતનેય સ્વાભાવિક રીતે તેની અસર થઇ હતી પણ મૂળભૂત રીતે મજબૂત એવું આપણું અર્થતંત્ર ખાડે ગયું નહોતું પણ આ વખતે તો દુનિયાના અન્ય દેશોમાં મંદીની ઓછીવત્તી અસરો છે ને ભારતમાં જ અર્થતંત્રનું નૂર હણાઇ ગયું છે. સરકારમાં અસરકારક વહીવટનો અભાવ ને રૂપિયાની કંગાલિયત, નીતિગત નિર્ણય લેવામાં ઢીલ વગેરેને લઇને ખાસ કરીને કોર્પોરેટ ક્ષેત્રમાં સુસ્તીનો માહોલ છવાયેલો છે અને તેની સીધી અસર નોકરીઓ પર પડી રહી છે. પ્રતિભાશાળી યુવાઓના દેશ ગણાતા ભારતમાં નવી નોકરીની તકો ઘટી છે, એટલું જ નહીં અનેક મોટી મોટી કંપનીઓ તો ‘કોસ્ટ કટિંગ’ના નામે છટણીય કરી રહી છે. અત્યારે માળખાકીય, બેન્કિંગ અને નાણાં, ઇન્જિનીયરિંગ, ઓટો ઉદ્યોગ વગેરે ક્ષેત્રમાં તેજી ઓસરી ગઇ છે.

ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ (ફિક્કી)ના બિઝનેસ કોન્ફિડન્સ સર્વે મુજબ ૨૦૧૩ના નાણાકીય વર્ષના અંતિમ ત્રિમાસિકમાં રોજગારની તકો એક વર્ષ અગાઉની તુલનામાં બહુ ઓછી હતી અને આ વર્ષે જૂનથી ઓગસ્ટ સુધી તો દિગ્ગજ કંપનીઓમાં ભરતી ઓછી જ થઇ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ખાસ કરીને ૨૦૦૮ની વૈશ્વિક મંદી બાદ ભારતનું બુદ્ધિધન દેશમાં પરત ફરી રહ્યું હતું. બ્રિટન-અમેરિકા અને ઓસ્ટ્રેલિયાનું ટારગેટ રાખતા યુવાઓ બેંગ્લોર, પૂણે, મુંબઇ કે અમદાવાદમાં નોકરી કરતા થઇ રહ્યા હતા ત્યાં આ વખતે દેશમાં ડામાડોળ અર્થતંત્રએ આ હકારાત્મક ટ્રેન્ડ પર અવળી અસર પાડવાનીય દહેશત સર્જી છે.

જાણકારો કહે છે કે જો આર્થિક સ્થિતિ આવી જ રહી તો ૨૦૧૩-૧૪ના અંત સુધી દેશમાં પાંચ લાખ લોકોએ (મોટાભાગના યુવાઓ) નોકરીથી હાથ ધોઇ નાખવા પડશે. જૂનમાં નેશનલ સેમ્પલ સર્વેના મુજબ ૨૦૧૧-૧૨માં જ નોકરી મેળવનારા લોકોનો રેશિયો અગાઉના વર્ષના ૩૬.૫૦ ટકાથી ઘટીને ૩૫.૪ ટકા થઇ ગયો હતો અને હવે તો નવી નોકરીઓ ઊભી થવાને બદલે છટણીનો સમય આવી ગયો છે.

ટાટા મોટર્સે ઉત્તરાખંડમાં પંતનગરના પ્લાન્ટમાં ૨૧ ટકા કર્મચારીઓની છટણી કરી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ચાકનના પ્લાન્ટમાં ૫૦૦ હંગામી કર્મચારીઓની છૂટ્ટી કરી, એચએસબીસીએ પૂણેમાં ૩૫૦ અને હૈદરાબાદમાં ૨૦૦ કર્મચારીઓને કાઢી નાખ્યા. ઇન્જિનીયરિંગમાં સિમેન્સ લિમિટેડે ૨૦૦ જણને કાઢ્યા, બેંગ્લોરમાંથી આઇટીના કર્મચારીઓ અને પ્રોફેશનલની પણ નોકરીઓ જવા લાગી છે અને અહીં નોકરી ગુમાવવાને લીધે યુવાઓમાં વધતા તનાવની સ્થિતિ બહુ ચિંતાજનક છે. એક્સિડેન્ટલ ડેથ એન્ડ સ્યુઇસાઇડ ઇન ઇન્ડિયા ૨૦૧૨ના હેવાલ મુજબ ગત વર્ષે નોકરી ગુમાવવાને લીધે અને બેરોજગારીને લીધે ૮૯ જણે આત્મહત્યા કરી. ૨૦૧૧માં એ આંક ૪૭ હતો. નૌકરી ડોટ કોમના એક સર્વેક્ષણ મુજબ આ વર્ષે જૂન મહિના બાદથી તો રોજગારીનો માહોલ બહુ સુસ્ત છે.



**યુવાજગત**



**મુંજાલ સોની**

મોડે મોડે થી જાગેલી સરકારે પગલાં તો લીધાં છે પણ એ પૂરતાં લાગતાં નથી. અલબત્ત, એકતરફ એફડીઆઇના નિયમોમાં છૂટછાટ તો બીજીતરફ આરબીઆઇના નવા ગવર્નર રઘુરામ રાજને જગાવેલા વિશ્વાસ તળે રૂપિયો અને શેરબજારની સ્થિતિ પણ થોડી થોડી સુધરવા લાગી છે ત્યારે ધીમે ધીમે અર્થતંત્રની બીમારી દૂર થાય એવી આશાય સાવ અસ્થાને નથી.

૨૬ ઓગસ્ટે રોકાણ અંગેની કેબિનેટ સમિતિએ ઊર્જા, ગેસ, તેલ અને રેલવે સહિતના ક્ષેત્રોના ૩૬ પ્રોજેક્ટને મંજૂરી આપી જેમાં રૂા. ૧.૮૩ લાખ કરોડનું રોકાણ છે, અલબત્ત ઉદ્યોગજગતમાં હજી તેનો હકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી.

# મંગલ હો...કચ્છી લગ્નઇચ્છુકો માટે સેતુની સ્થાપના

## કચ્છી અને ગુજરાતીઓ માટે શરૂ થયું નિઃશુલ્ક મેટ્રિમોનિયલ પોર્ટલ

મંગલ હો... સૌનું મંગળ થાય એ આપણી સંસ્કૃતિની મૂળભૂત ભાવના છે અને લગ્નઇચ્છુકો યોગ્ય જીવનસાથીની પસંદગી કરી શકે એવી મંગળ ભાવના સાથે મૂળ કચ્છના અને હાલે મુંબઇ વસતા ભારતી નાખુવાએ શરૂ કરી છે કચ્છી અને ગુજરાતીઓ માટે સંભવતઃ પહેલી મેટ્રિમોનિયલ એટલે કે લગ્ન સંબંધી પોર્ટલ. યૂઝર ફ્રેન્ડલી અને ગુપ્તતાની બાબતોનું ધ્યાન રાખતી આ નિઃશુલ્ક વેબસાઇટ લગ્નઇચ્છુકો માટે એક સારા સેતુની ભૂમિકા ભજવી શકશે.

mangalho.in આ પોર્ટલમાં માતા-પિતા ને યુવાઓને પોતાના સંતાનોની કે કોઇને પણ પોતાની પ્રોફાઇલ બનાવવામાં તેમજ બીજી પ્રોફાઇલ્સ શોધવામાં




પરેશાની ના થાય એનો ખ્યાલ રખાયો છે. કોઇની પણ અંગત માહિતી સાઇટ પરની કોઇ પણ બીજી વ્યક્તિને દેખાય નહીં, એ માહિતી એમને જ દેખાય જેમને પરવાનગી મળે.

ભારતીબેન કહે છે કે આ સાઇટનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આજે આપણા ઘણાય સમાજોમાં માતા-પિતાને પોતાના છોકરા માટે તેમજ છોકરી માટે યોગ્ય પાત્ર શોધવામાં ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેમાં જૈન સમાજ, ભાનુશાલી સમાજ, લોહાણા સમાજ અને અન્ય કચ્છી/ગુજરાતી સમાજનો સમાવેશ થાય છે. આ સાઇટના માધ્યમથી લોકો એકબીજાની તકલીફો, પરેશાનીઓ ઘણા ખરા અંશે ઓછી કરી શકે છે. ઉપરાંત અમે હાલ ઓગસ્ટ માસમાં જ શરૂ કરેલી આ સાઇટમાં ભવિષ્યમાં વિજ્ઞાપનો લેવા પર પણ વિચાર કરી રહ્યા છીએ. જેમાંથી થનારી સંપૂર્ણ આવક અમે કતલખાનામાં જનારી ગાયોને બચાવવામાં તેમજ બાળકોના શિક્ષણ અર્થે મુંબઇ સ્થિત એક નામાંકિત સંસ્થાને દાન કરવાના છીએ. બાકી તો જીવનસાથી ગોતવાની કામગીરી ‘પ્રાઇઝ ટેગ’ સાથે હોવી ન જોઇએ.

સામાન્ય રીતે આપણો કચ્છી અને ગુજરાતી સમાજ આ પ્રકારની સાઇટ પર પોતાના પુત્ર-પુત્રીની વિગતો આપવામાં અચકાતું હોય છે. તેમને પોતાની વિગતો ચોરી થવાનો તેમજ ગેરઉપયોગ થવાનો ભય હોય છે પણ અહીં એનો અવકાશ જ નથી.

### આજનો SMS

વિજ્ઞાનીઓ સૌથી વધારે શ્રદ્ધાળુ મનુષ્યો હોય છે કારણ કે એ લોકો બ્રહ્માંડની સુવ્યવસ્થિત રચનામાં વિશ્વાસ મૂકે છે.

-આલ્બર્ટ આઈન્સ્ટાઈન

# બોલીવૂડ ગેમ્સ...હિટ...!

## ફિલ્મી એપ્સ અને વીડિયો ગેમ્સનો વધી રહ્યો છે ક્રેઝ : ‘ભાગ મિલખા ભાગ’, ‘ચેન્નઈ એક્સપ્રેસ’, ‘ડોન-૨’ ગેમ્સ હોટ ફેવરિટ

૧૯૬૦માં રોમ ઓલિમ્પિકમાં યોજાયેલી ૪૦૦ મીટર દોડમાં મિલ્ખાસિંહ ભલે કાંસ્યચંદ્રક સેકન્ડના ૧૦૦માં ભાગમાં ચૂકી ગયા હતા પરંતુ હવે એ જ મિલ્ખાસિંહને કોઈપણ વ્યક્તિ પોતાના ઈશારે દોડાવીને અનેક એવોર્ડ અપાવી શકે છે, તો કોઈ ‘ચેન્નઈ એક્સપ્રેસ’ના રાહુલને




પોતાના અંદાજમાં બાઈક પર દોડાવીને રસ્તામાં આવતા વિઘ્નોને પાર કરાવી શકે છે. ‘ડોન-૨’નો શાહરુખ પણ હવે ત્યારે જ ગોળીઓ છોડે છે જ્યારે તેને કહેવામાં આવે છે. ફિલ્મોના કંઈક આ પ્રકારના જ કેરેક્ટર્સ સાથે આજકાલ શહેરના યુવાઓ રમી રહ્યા છે.

હકીકતમાં આ દિવસોમાં પોતાની ફિલ્મોનો બિઝનેસ વધારવા માટે બોલીવૂડ ખુદ જ એપ્સ અને ગેમ્સ લોંચ કરી રહ્યું છે. દરેક નવી રિલીઝની સાથે જ તેની વીડિયો ગેમ્સ પ્લે સ્ટોર્સ પર ફ્રી ડાઉનલોડ માટે પહોંચી જાય છે. ફ્રી ગેમ્સને એન્ડ્રોઈડ અને વિન્ડોઝના પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવી રહી છે. ‘અગ્નિપથ’, ‘રાવણ’, ‘ભાગ મિલ્ખા ભાગ’, ‘ચેન્નઈ એક્સપ્રેસ’ જેવી ચર્ચિત ફિલ્મોની ગેમ્સ પણ માર્કેટમાં આવી ચૂકી છે. ખાસ વાત એ છે કે, ‘એંગ્રી બર્ડ’, ‘ટેંપલ રન’, ‘ડેથ રેસ’ જેવી ગેમ્સ પસંદ કરનારા બાળકો અને યુવાઓ પણ હવે ફિલ્મી ગેમ્સ માટે રસ લઈ રહ્યાં છે.

‘ગેમ્સ વર્લ્ડ’ના મનીષભાઈ પટેલ જણાવે છે કે, પીસી ગેમ્સ (કોમ્પ્યુટર પર રમાઈ શકે તેવી)નો વધુ ક્રેઝ છે. લોકોને રેસિંગ, મિશન, ફાઈટિંગ, સ્પોર્ટ જેવી વસ્તુઓ જે ગેમ્સમાં આવતી હોય છે તે વધુ ગમે છે. આપણે ત્યાં હિટ ગેમ્સ પર ફિલ્મો બનાવવાના હોલીવૂડના ફોર્મ્યુલાને બોલીવૂડ ઊંધી રીતે ઉપયોગ કરી રહ્યું છે. અહીં માર્કેટિંગ એડ-ઓન તરીકે ફિલ્મોની સાથે તેની વીડિયો ગેમ્સ લોન્ચ કરવામાં આવે છે જેથી વધુમાં વધુ લોકો તેનાથી જોડાઈ શકે. ફિલ્મો પરથી બનાવવામાં આવેલી ગેમ્સમાં ‘ડોન-ટુ’, ‘રાવણ’, ‘દેશી અફ્ડ઼ા’, ‘ચંદ્રગુપ્ત મૌર્ય’ ઉપરાંત ‘સ્ટ્રીટ ક્રિકેટ’નો શહેરમાં વધુ ઉપાડ છે.

શહેરનો એક વર્ગ એવો પણ છે જેઓને હોલીવૂડની ફિલ્મો ‘કૂંગ ફૂ પાન્ડા’, ‘મેટ્રીક્સ’, ‘ટોમરાઈડર’, ‘વાન હેલ્સિંગ’ જેવી ગેમ્સ રમવામાં વધુ રૂચિ છે. જો કે, સમયની સાથોસાથ ટેક્નોલોજીમાં પરિવર્તન આવતાં હવે અગાઉ જોવા મળતી સેગા ટીવી ગેમ્સ ભુલાતી જાય છે. ગેમ્સ રમવા માટે લેટેસ્ટ પ્લે સ્ટેશન (પીએસ) માર્કેટમાં આવી ચૂક્યાં છે. પ્લે સ્ટેશન-૨ બાદ પ્લે સ્ટેશન-૩ જેમાં ૫૦૦ જીબી હાર્ડ ડ્રાઈવ, ૨ યુએસબી પોર્ટ, બ્લુ ટૂથ




વાયફાય, બ્લૂ રે ડિસ્ક, ડીવીડી, મ્યુઝિક સીડીની સુવિધા સાથે ટીવી પણ જોઈ શકાય છે. આ ઉપરાંત માઈક્રોમેક્સના એક્સબોક્સ-૩૬૦ તેમજ ચાઈનાના પ્લે સ્ટેશન પણ ગેમ્સ રસિયાઓની ખાસ પસંદગીના લિસ્ટમાં સામેલ છે. રૂા. ૭ હજારથી લઈને રૂા. ૨૫ હજાર સુધીની કિંમતે મળે છે. બીજી તરફ જેટલુ મોંઘું પ્લે સ્ટેશન તેટલી મોંઘી ગેમ્સની કેસેટ, માર્કેટમાં રૂા.૫૦થી લઈને ૨૫૦૦ રૂપિયા સુધીની ગેમ્સની કેસેટો ઉપલબ્ધ છે.

રાકેશભાઈ પટેલ જણાવે છે કે, ગેમ્સ એ માત્ર બાળકો જ નહી પરંતુ વડીલોને પણ ખૂબ જ ગમે છે. પહેલાં લોકો એંગ્રી બર્ડ અને હોલીવૂડ ફિલ્મો પર આધારિત ગેમ્સ વધુ રમતા હતા પરંતુ હવે તેઓની રૂચિ બોલીવૂડ ફિલ્મોની ગેમ્સમાં પણ વધી છે તેનું એક કારણ એ પણ છે કે, બોલીવૂડના પાત્રો સામાન્ય વ્યક્તિની ઘણી નજીક રહે છે અને તેઓને મરજી મુજબ કમાન્ડ આપીને રમવામાં વધુ મજા આવે છે.

-જનકસિંહ ઝાલા

## ટ્વીટ ટાઈમ



**શેખર કપૂર**
ભારતમાં સામંતશાહી લોકતંત્ર છે અને એ માટે આપણે જ જવાબદાર છીએ. આપણે ચૂંટણીની નહીં ક્રાંતિની જરૂર છે.



**સોનમ કપૂર**
સમય મૂડી છે અને જે લોકો મારો સમય બગાડે છે તેમને હું નફરત કરું છું.



**કેટરિના કૈફ**
હું એવા લોકોને બહુ સન્માન આપું કે જેમને ભાંગી પડવાનો અધિકાર હોય એવા સમયે પણ જેઓ મજબૂત બનીને ઊભા રહે છે.



**અનુપમ ખેર**
સફળતા મળે તો સમજો કે નવા લક્ષ્યો બનાવવા પડશે અને નિષ્ફળતા મળે તો સમજો કે પોતાની રીત બદલવી પડશે.



**પૂનમ પાંડે**
એક વ્યક્તિએ રૂપિયાને કહ્યું : ‘તું હિંમત ન હાર, તારું એટલું પતન નહીં થાય, જેટલું પતન તને હાંસિલ કરવામાં માનવીનું થાય છે.’

**જાવેદ અખ્તર**
શું એ દુઃખની વાત નથી કે દેશની મુખ્ય રાજનીતિ પાર્ટીના અગત્યના નિર્ણયો પાર્ટી પોતે નહીં પણ એક સામાજિક સંસ્થા લે છે.

